મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) ઉમેદવારો ધ્વારા રજુ કરવામાં આવેલ રાજ્ય તેમજ રાજ્ય બહારની યુનિવર્સિટીના પ્રમાણપત્રોની ખરાઇ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:- મકમ-૨૦૨૦૨૩-૨૨-ખ
સચિવાલય ગાંધીનગર
તા. ૦૩/૦૩/૨૦૨૩

<u>પ્રસ્તાવના :</u>

જુદી જુદી જિલ્લા પંચાયત કચેરીઓમાં પંચાયત સેવાના વર્ગ-૩ સંવર્ગના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) કર્મચારીઓ ધ્વારા રજુ કરેલ રાજ્ય તેમજ રાજ્ય બહારની પ્રાઇવેટ યુનીવર્સીટીના પ્રમાણપત્રો બાબતે નામ. ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ થયેલ જુદા જુદા કોર્ટકેસોમાં નામ. ગુજરાત હાઇકોર્ટના ઓરલ હુકમ તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ થયેલ એલ.પી.એ. ૧૪૧૧/૨૦૧૮ તથા અન્યમાં નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૦૮/૦૭/૨૦૨૨ ધ્વારા નીચે મૂજબનો ઓરલ હુકમ કરેલ છે.

- **Respective District Panchayats would be at liberty to initiate fresh proceedings, if deemed fit and if so advised, and pass orders after treating the order of termination as show cause notice and on consideration of the reply, pass orders in accordance with law as observed hereinabove.**
- **We make it clear that we have not expressed any opinion with regard to correctness, authenticity and validity of Diploma Certificates which came to be produced by the respective writ applicants at the time of their employment and it is open for the respective District Panchayats to pass orders after considering the reply, if any, that would be submitted by the writ applicants.**
- **It is also made clear that where no show cause notice has been issued, respective District Panchayats shall issue show cause notice and after considering the reply, if any, submitted by the writ applicants within the period stipulated under show cause, are empowered to pass orders on merits and in accordance with law. However, in respect of those writ applicants to whom show cause notices have been issued but termination order is based on the internal inquiry report, copy of such report shall be furnished to them to enable them to have their say on the said issue.**
- **Respective writ applicants, who have not yet been reinstated, pursuant to order of the learned Single Judge, shall be reinstated by respective District Panchayats within an outer limit of one month from the date of receipt of copy of this order.**
- **It is also made clear that writ applicants on being served with show cause notice or report, as the case may be, shall extend full co-operation to the District Panchayats in concluding the inquiry and it is needless to state that in the event of any such writ applicants failing to co-operate in the inquiry, appropriate authority would be at liberty to proceed to adjudicate the same in accordance with law.**

નામ. ગુજરાત હાઇકોર્ટના ઉક્ત ચુકાદા સંબંધમાં સર્વે જિલ્લા પંચાયત કચેરીઓને આનુષાંગિક કાર્યવાહી જણાવેલ સમયમર્યાદામાં કરવાની રહે છે. જુદી જુદી જિલ્લા પંચાયતો હેઠળ ફરજ બજાવતાં સંદિગ્ધ જણાયેલ પ્રમાણપત્રોવાળા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ના કેસોમાં વિભાગ દ્વારા તા.૨૧/૧૦/૨૦૨૨ના રોજ વિડીયો કોન્ફરન્સ તેમજ ત્યારબાદ તા.૨૧/૧૦/૨૦૨૨ના પત્રથી નામ.ગુજરાત હાઈકોર્ટના ઉક્ત આદેશ મૂજબની કાર્યવાહી કરવા જણાવેલ છે.

નામ. ગુજરાત હાઇકોર્ટ ખાતે દાખલ થયેલ સમાન પ્રકારના કેસોની તપાસની કાર્યવાહીમાં તમામ જિલ્લા પંચાયતો ધ્વારા એકસૂત્રતા જળવાઇ રહે તે માટે માર્ગદર્શિકા બહાર પાડવાનું જણાવેલ છે. જે અન્વયે નીચે મૂજબની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે છે. આ માર્ગદર્શિકા મૂજબ તમામ જિલ્લા પંચાયતોએ દિન-૩૦માં કાર્યવાહી પૂર્ણ કરીને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવાનો રહેશે.

પરિપત્ર:

(૧) નામ. હાઈકોર્ટના તા.૦૮/૦૭/૨૦૨૨ના ચુકાદાને આધારે તેમજ આ ચુકાદાનો આધાર લઇને નામ. ગુજરાત હાઇકોર્ટના અન્ય આવા સમાન પ્રકારના કેસોમાં આવેલ ચુકાદાને ધ્યાને લઇને પુન : સ્થાપિત કરેલ હોય તેમજ આવા સમાન પ્રકારના કેસોમાં નોકરીમાં ચાલુ હોય તેવા તમામ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) કર્મચારીઓને નવેસરથી દિન-૩માં કારણદર્શક નોટીસ આપવાની રહેશે. આ કારણદર્શક નોટીસમાં નામ. ગુજરાત હાઇકોર્ટના એલ.પી.એ. નં. ૧૪૧૧/૨૦૧૮ તથા અન્યના તા.૦૮/૦૭/૨૦૨૨ના ચુકાદાનો તેમજ એમ.સી.એ. નં. ૧/૨૦૧૮ ઇન એસ.સી.એ. નં. ૧૭૧૦૨/૨૦૧૫ના ચુકાદાનો તેમજ સંબંધિત કર્મચારીઓ ધ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલ કેસોમાં આવેલ ચુકાદાઓનો ઉલ્લેખ અચૂક કરવાનો રહેશે.

(૨) કારણદર્શક નોટીસમાં દર્શાવેલ નિયત સમયમર્યાદામાં કર્મચારી પાસેથી તમામ આધારપુરાવા સાથે જવાબ મેળવવાનો રહેશે અને તેની તમામ વિગતો વિકાસ કમિશ્નરશ્રીને મોકલી આપવાની રહેશે. તેમજ તમામ કર્મચારીઓના જવાબો મેળવેલ છે એ મતલબનું જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પ્રમાણપત્ર પણ મોકલી આપવાનું રહેશે.

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા યુનિવર્સિટી દીઠ એક આંતરિક તપાસ સમિતિની રચના દિન-૫માં કરવાની રહેશે.

(૪) આંતરિક તપાસ સમિતિએ તેઓને સોંપાયેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ તમામ કર્મચારીઓના પ્રમાણપત્રોની ખરાઈ માટે જે તે યુનિવર્સિટી ખાતે રૂબરૂ ચકાસણી કરવાની રહેશે.

(૫) આંતરિક તપાસ સમિતિએ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે:

1. **Whether the concerned University is recognized by the University Grant Commission (UGC) for awarding "Diploma in Health & Sanitary inspector"?**
2. **Whether the mark sheets/certificate produced by the candidates are genuine or not?**
3. **<u>If the certificates are claimed to have been issued by the concerned University, then the Followings records needs to be verified:-</u>**
   - A. **Verification of admission granted by the University.**
   - B. **Certified copy of the General Register in which names of these candidates are registered.**
   - C. **Are they genuine students of the University?**
   - D. **Certified copy of admission letter.**
4. **As per the UGC's guidelines, the concerned University, the concerned University is not entitled to run OFF-CAMPUS centers beyond the territorial jurisdiction of**

the state. In this context, it becomes necessary to verify as to whether these Candidates have studied in THE CONCERNED UNIVERSITY"s campus for the above mentioned course or not?

5. The inclusion of the name of the university in the list of universities mentioned by the UGC does not by itself allow the university to make admissions in its programmers. This may be done only after creation of required academic and physical infrastructure facilities including library, laboratories and appointment of teaching and supporting staff as per the norms and standards laid down by the UGC and Statutory Councils concerned. So, the details regarding from which date, the concerned University have created academic and physical infrastructure facilities, including library, laboratories, appointment of teaching/supporting staff with regard to the "Diploma in Health & Sanitary inspector" are needed to be checked.

(૬) ઉપરની વિગતોની ચકાસણી કર્યા બાદ આંતરિક તપાસ સમિતિએ તપાસ અહેવાલ સંબંધિત જિલ્લા પંચાયત કચેરીને તેમજ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને સોંપવાનો રહેશે.

(૭) જિલ્લા પંચાયત કચેરીઓને મળેલ તપાસ અહેવાલના આધારે તૈયાર કરેલ તપાસ અહેવાલ કર્મચારીને પુરો પાડીને સમયમર્યાદામાં કર્મચારીનો જવાબ મેળવીને યોગ્ય તે નિર્ણય કરવાનો રહેશે.

(૮) તપાસ અહેવાલ સંબંધમાં જે તે નિર્ણય સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ લેવાનો રહેશે અને તે મૂજબના હુકમ તેમની કક્ષાએથી કરવાના રહેશે.

(નરેન્દ્ર વાઘેલા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ

- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
- સરકારી વકીલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, કાયદા ભવન, નામ. ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- શાખા સિલેક્ટ ફાઇલ